સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો
'ખવાસ' સમાજના લોકોને 'સોરઠીયા રજપૂત'
તરીકે ઓળખવા બાબત.

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: સશપ//૧૧૦૨/૨૭૫/અ,
તા.૨૬/૯/૨૦૧૬
26 SEP 2016

**<u>વંચાણે લીધો</u>** : સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૯.૯.૨૦૦૨નો સમાનાંકી ઠરાવ.

**:ઠરાવ :**

વંચાણ હેઠળના તા.૧૯.૯.૨૦૦૨ના ઠરાવથી ગુજરાત સરકારની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની પ્રસિધ્ધ કરાયેલ યાદીમાં ક્રમાંક:૧૦૧ હેઠળ 'ખવાસ' જાતિના પર્યાય રૂપે 'સોરઠીયા રજપૂત' શબ્દનો પણ ઉમેરો કરવામાં આવેલ છે. આ જાતિના ઈસમોના મહેસુલી રેકર્ડ / પંચાયત રેકર્ડ અથવા અન્ય સરકારી રેકર્ડમાં 'ખવાસ' શબ્દનો ઉલ્લેખ હોય તો પણ જો તેઓ 'સોરઠીયા રજપૂત' તરીકેનું પ્રમાણપત્ર મેળવવા માગે તો આવા ઈસમોને સબંધિત સક્ષમ અધિકારીઓએ 'ખવાસ' શબ્દના પર્યાયા તરીકે 'સોરઠીયા રજપૂત' તરીકેની તેમની માગણી મુજબનું જાતિ પ્રમાણપત્ર આપવા તથા તે આધારે મળવાપાત્ર થતા આનુશાંગિક લાભો પણ આપવા સરકારે ઠરાવેલ છે.

ઉપરોક્ત ઠરાવ અમલમાં હોવા છતાં પણ સરકારશ્રીને 'ખવાસ' જાતિના લોકો ધ્વારા રજુઆતો મળેલ છે કે, સરકારશ્રીએ 'ખવાસ' જાતિના લોકોને 'સોરઠીયા રજપૂત' તરીકે નું પ્રમાણપત્ર આપવા ઠરાવેલ હોવા છતાં કેટલાક કિસ્સાઓમાં સક્ષમ સત્તાધિકારીઓ ધ્વારા તેઓને 'સોરઠીયા રજપૂત' તરીકેનું પ્રમાણપત્ર આપવામાં આવતું નથી.

જાતિ પ્રમાણપત્રો અને બિનઉન્નત વર્ગના પ્રમાણપત્રો આપવા માટે અધિકૃત કરાયેલ સક્ષમ સત્તઅધિકારીઓને આથી પુન: જણાવવામાં આવે છે કે, સરકારશ્રી ધ્વારા તા.૧૯.૯.૨૦૦૨ના ઠરાવથી નકકી કર્યા મુજબ 'ખવાસ' જાતિના ઈસમો જો 'સોરઠીયા રજપૂત' તરીકેનું પ્રમાણપત્ર માગે તો આપવા અંગેના તા.૧૯.૯.૨૦૦૨ના ઠરાવનો ચૂસ્ત અમલ કરવાનો રહેશે.

અત્રે વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે, તા.૧૯.૯.૨૦૦૨ના ઉપરોક્ત ઠરાવથી ઉમેરાયેલ પર્યાયવાચી 'સોરઠીયા રજપૂત' શબ્દથી કોઈ નવી જાતિનો ઉમેરો થતો નથી પરંતુ એક જાતિ સમુહને થતા અપમાનબોધને દૂર કરવા માટે વૈકલ્પિક પર્યાયવાચી શબ્દ ઉમેરવામાં આવે છે. તેથી કોઈ નવી જ ભળતી જાતિ પ્રમાણપત્ર લઈને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના

મુળભૂત બંધારણીય અધિકારો છીનવી ન લે તે બાબતે પણ સક્ષમ અધિકારીઓએ સાવધાની રાખવાની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.જી.વણઝારા)
અધિક સચિવ

પ્રતિ,
માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર.
અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના ખાતાના વડાઓ /બોર્ડ/કોર્પોરેશનો.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ } તાબાના સક્ષમ અધિકારીઓના ધ્યાન પર આ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ } સૂચનાઓ મૂકવાની વિનંતી સહ.
સર્વે ખાતા વડાઓ.
નેશનલ ઈન્ફોર્મેટીકસ સેન્ટર, બ્લોક નં.૧૩, બીજે માળ, સચિવાલય, ગાંધીનગર તરફ એન.આઈ.સી.ના જાતિના પ્રમાણપત્ર/બિનઉન્નત વર્ગના પ્રમાણપત્રના સોફ્ટવેરમાં સુધારો કરવા સારૂ.
વિભાગની તમામ શાખાઓ.
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુ.રા., ગાંધીનગર.

સિલેકટ ફાઈલ.